જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૨/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**     **સમાચાર યાદી નં.૪૦૯/૧૭**

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

**છેલ્લા ચાર માસથી પાસા અટકાયત ટાળવા નાસતો ફરતો આરોપીને પકડી પાડતો શહેરકોટડા પો સ્ટેશન નો નાસતો ફરતો સ્કોર્ડ**

સંયુકત પોલીસ. કમિશ્નર શ્રી પિયુષ પટેલ સાહેબ શ્રી ની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૩ એન.એ.મુનીયા સાહેબ તથા એ.સી.પી શ્રી બળદેવ દેસાઇ સાહેબ નાં માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એ.રાઠવા સાહેબની સુચનાથી પો.સ.ઇ જે.એ.બારોટ તથા નાસતા ફરતા સ્કોર્ડનાં માણસો સાથે અમદાવાદ શહેરનાં નાસતા ફરતા/પાસા વોન્ટેડ આરોપી પકડવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અનીલ ત્રણ રસ્તા ખાતેથી ચાંદખેડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ થતા પાસા અટકાયત ટાળવા માટે છેલ્લા ચાર માસથી નાસતો-ફરતો આરોપી પુનમભાઇ સોમાભાઇ પટણી ઉવ ૩૨ રહે મ.નં.૨૦૬ ન્યુ સંજ્યનગર અનીલ ત્રણ રસ્તા પાસે અનિલ રોડ અમદાવાદ શહેરનાને આજરોજ તા-૨૬/૦૨/૨૦૧૭ ના રોજ ક.૧૫/૦૦ વાગે મળી આવતા તેને ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવા સારૂ ચાંદખેડા પોલીસને સોપેલ હતો.

સદરી આરોપીની વધુમા પૂછપરછ કરતાં ગઇ તા-૨૬/૧૦/૧૬ ના રોજ બપોરના ક.૧૪/૦૦ ના સુમારે જાસપુર ગામથી પોતાની સી.એન.જી.રીક્ષા નં જી.જે.-૧-સી.એક્ષ.૩૧૦૭ મા દેશીદારૂ આસરે ૧૨૬ લીટરનો લઇને ઝુડાલ સર્કલ ખાતે આવતા ચાંદખેડા પોલસના હાથે ઝડપાઇ ગયેલ હતો અને કોર્ટ માંથી જામીન ઉપર છૂટતા નાસી ગયેલ હતો અને ઉપરોક્ત આરોપી પૂનમ પટણી ઉપર સોલા પો.સ્ટેશનમા પણ પ્રોહિબીશનનો ગુનો દાખલ થયેલ હોય જેથી પો.કમિશ્નર સા.શ્રીએ પાસાનો ઓર્ડર કરતા ધરપકડ ટાળવા સારૂ આરોપી છેલ્લા ચાર માસથી નાસતો-ફરતો હોય જેને ખાનગી બાતમી હક્કિત આધારે અનિલ ત્રણ રસ્તા ખાતેથી પકડી લીધેલ હતો સદરી આરોપીના ઉપર બાપુનગર, શહેર કોટડા,સોલા,ચાંદખેડા વિગેરે પો.સ્ટેશનમા પ્રોહીબીશનના ગુનામા ધરપકડ થયેલ છે તેમજ વડોદરા શહેર ખાતે પણ પાસા થયેલ છે.





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>મેઘાણીનગર પોલીસ સ્ટેશન :</u>**

મેઘાણીનગર પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર ની કચેરી

મેઘાણીનગર અમદાવાદ શહેર

..........................................................................................

પ્રેસનોટ

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ મેઘાણીનગર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૪/૧૭ ઇપીકો કલમ ૩૬૩,મુજબના કામના ફરીયાદી વિમળાબેન વા/ઓ વિધ્યાસાગર પ્રકાશસિંગ દોહરે ઉ.વ-૩૫,ધંધો-મજુરી રહે-પ્રતાપજીની ચાલી માનસિંગ તોમરના મકાનમાં ગુરૂકૃપાનગર ચંદનનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ-પ્રયાગપુર દિવ્યાપુર પાસે જી-ઔરયા ઉત્તરપ્રદેશ.નાનો સૌથી નાનો પુત્ર નામે પ્રિયાંશ ઉ.વ-૩,માસ નાને આ કામની આરોપણ નામે પુજા સુરજભાઇ રહે-સોમાભાઇની ચાલી ચેહરનગર સૈજપુર બોઘા અમદાવાદ નાની તથા આરોપી નં-૨ સુરજકુમાર લાલબહાદુર જાતે નિશાદ ઉ.વ.૨૩ બન્ને રહે, સોમાભાઇની ચાલી ચેહરનગર સૈજપુર બોઘા અમદાવાદ મુળ વતન: ગામ-ખરસરા થાણા-મોતીયરપુર જિલ્લા.સુલતાનપુર ઉત્તરપ્રદેશ ગઇ તા-૨૦/૦૨/૨૦૧૭, ના રોજ સાંજ કલાક સાડા ચારેક વાગ્યાના સુમારે ફરીના ઘરેથી ફરીના બાળકોને તારી મમ્મી તારા ભાઇ પ્રિયાંશને મેમ્કો ખાતે મંગાવે છે તેમ કહી ઉપાડી લઇ જઇ અપહરણ કરી લઇ ગયેલ હોય અને સદરી આરોપી તથા ભોગબનનાર બાળકની તપાસ સારુ ઉત્તરપ્રદેશના સુલતાનપુર ખાતેથી જઇ આરોપી તથા ભોગબનનાર બાળક પ્રિયાશં ઉ.વ.૩ માસ ને શોધી કાઢી સારી કામગીરી કરેલ છે

---

**<u>દાણીલીમડા પોલીસ સ્ટેશન :</u>**

દાણીલીમડા પો.સ્ટે.માં પો.ઈન્સ. શ્રી એન.કે.ગોસ્વામી તથા સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી આર.એમ.વસાવા તથા સ્ટાફના માણસો દ્વારા દાણીલીમડા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૩૬/૧૭ ધી ઈ.પી.કો કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાના કામે ચોરીમાં ગયેલ મુદામાલ જીન્સ કાપડના પેક રોલ નંગ-૯૫ જેની કુલ કિંમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- નો મુદામાલ તથા આરોપીને અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ગોમતીપુર પોલીસ સ્ટેશન :</u>**

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અવાદશહેર તથા સયુંક્ત પોલીસ કમિ.શ્રી સેક્ટર ૨ સાહેબ તથા ના.પો.કમિ.શ્રી ઝોન.૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી એચ ડીવીજન નાઓએ સુચના કરેલ હાલમા નાસતા ફરતા વૉન્ટેડ આરોપી તથા પેરોલ-ફર્લો જમ્પ આરોપી પકડવાની ડ્રાઈવ ચાલતી હોય તો નાસતા ફરતા વૉન્ટેડ આરોપી તથા પેરોલ-ફર્લો જમ્પ આરોપીઓ શોધી કાઢવા જે સુચના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાના સ્ટાફના માણસોને બાતમી હકીકત મળેલ કે ગોમતીપુર પોલીસ સ્ટેશન પ્રોહી ગુરનં ૫૨૬૪/૧૪ પ્રોહી કલમ ૬૬(૧)બી ૬૫એઈ ૧૧૬(૧)બી ૮૧ મુજબના ગુનાના કામે તેમજ ગોમતીપુર ફર્સ્ટ ગુરનં ૧૪૨/૧૫ ઈપીકો કલમ ૩૨૪ ૩૨૩ ૨૯૪(ખ) ૧૧૪ તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામનો આરોપી સાગર દિનેશભાઇ પરમાર રહે કુંડાવાળી ચાલી ગોમતીપુર અવાદશહેર નાઓ છેલ્લા બે વર્ષથી નાસતો ફરે છે અને થોડીવારમા ગોમતીપુર ડી-૩૦ દવાખાના તરફથી આવી અત્રે થઈ પસાર થઈ આગળ તેના ઘરે જવાનો છે વિગેરે મતલબી બાતમી આધારે સદરીની વોચમા રહેતા ઉપરોક્ત નાસતો ફરતો આરોપી સાગરભાઇ ઉર્ફે (ચેનલવાળો) સ/ઓ દિનેશભાઇ વિઠ્ઠલભાઇ પરમાર ઉ૨ ૨૪ રહે મનં ૧૭૯૬/૨૯ કુંડાવાળી ચાલી રાજપુર પોસ્ટ ઓફીસ સામે ગોમતીપુર અવાદશહેર મળી આવતા સદરીને ઉપરોક્ત બન્ને ગુનામા અટક કરવામા આવેલ છેતા.૨૬/૦૨/૧૭



**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)